Surat Municipal Corporation
e-Magazine
Issue 59
July 07, 2006

## ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણ



ઉપરોકત પંકિત જ તાપી માતાના મહાત્મ્ય અંગે ઘણું બધું કહી જાય છે. ગંગા નદીમાં સ્નાન કરવાથી જે પૂણ્ય પ્રાપ્ત થાય છે તે પૂણ્ય માત્ર તાપી માતાનું મનમાં સ્મરણ કરવાથી પ્રાપ્ત થાય છે. અષાઢ સુદ સાતમ, તા.૩–૭–૨૦૦૬ને સોમવારે તાપી માતાના જન્મદિન નિમિત્તે નાનપુરા નાવડી ઓવારા ખાતે સુરત શહેરના શ્રેય માટે પૂજા અર્ચનાનો કાર્યક્રમ સુરત મહાનગરપાલિકા દ્વારા યોજવામાં આવ્યો હતો....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત, સેન્ટ્રલ ઝોન વી.બી.ડી.સી. (ફા.મે.) વિભાગ દ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા, વી.બી.ડી.સી.(ફા.મે.) વિભાગ દ્વારા માહે જુન–૨૦૦૬ને મેલેરીયા વિરોધી માસ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ. જેના અંતર્ગત સેન્ટ્રલ ઝોન હસ્તકના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા મુગલીસરા સ્થિત આઈ.પી.મિશન ગર્લ્સ હાઈસ્કુલમાં મેલેરીયા વિષયક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિજયી થયેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ અંગેનો કાર્યક્રમ તા. ૩–૭–૨૦૦૬ના રોજ ઉકત શાળામાં રાખવામાં આવેલ.....




વધુ માટે કલીક કરો >>>>>>

## ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે



ઉપરોકત પંકિત જ તાપી માતાના મહાત્મ્ય અંગે ઘણું બધું કહી જાય છે. ગંગા નદીમાં સ્નાન કરવાથી જે પૂણ્ય પ્રાપ્ત થાય છે તે પૂણ્ય માત્ર તાપી માતાનું મનમાં સ્મરણ કરવાથી પ્રાપ્ત થાય છે. અષાઢ સુદ સાતમ, તા.૩–૭–૨૦૦૬ને સોમવારે તાપી માતાના જન્મદિન નિમિત્તે નાનપુરા નાવડી ઓવારા ખાતે સુરત શહેરના શ્રેય માટે પૂજા અર્ચનાનો કાર્યક્રમ સુરત મહાનગરપાલિકા દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં મા. મેયર ડો. કનુભાઈ માવાણી, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, ધારાસભ્ય શ્રીમતિ ભાવનાબેન ચપટવાલા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ. સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, શહેરીજનો વિગેરે મોટી સંખ્યામાં હાજર રહયા હતા અને તાપી નદીમાં દીપ પ્રગટાવી પૂજા અર્ચના કરી હતી. અને શહેર માટે મંગલદાયી ભવિષ્યની વાંચ્છના કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત, સેન્ટ્રલ ઝોન વી.બી.ડી.સી. (ફા.મે.) વિભાગ દ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા, વી.બી.ડી.સી.(ફા.મે.) વિભાગ દ્વારા માહે જુન–૨૦૦૬ને મેલેરીયા વિરોધી માસ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ. જેના અંતર્ગત સેન્ટ્રલ ઝોન હસ્તકના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા મુગલીસરા સ્થિત આઈ.પી.મિશન ગર્લ્સ હાઈસ્કુલમાં મેલેરીયા વિષયક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિજયી થયેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ અંગેનો કાર્યક્રમ તા. ૩–૭–૨૦૦૬ના રોજ ઉકત શાળામાં રાખવામાં આવેલ. જેમાં ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી એચ.કે.સોંધરવા અને આસી. જંતુનાશક અધિકારી શ્રીમતિ ગાયત્રીબેન આર. જરીવાલા(સેન્ટ્રલ ઝોન વી.બી.ડી.સી. વિભાગ) ઉપસ્થિત રહેલ. અને આસી. જંતુનાશક અધિકારી શ્રીમતિ ગાયત્રીબેન આર. જરીવાલાએ તમામ ઉપસ્થિત વિદ્યાર્થીઓને મેલેરીયા રોગ વિશે સંપૂર્ણ સમજ આપી હતી. તેમજ ઉકત મેલેરીયા વિષયક ચિત્રસ્પર્ધામાં વિજયી થયેલ ૩(ત્રણ) વિદ્યાર્થીઓને સુરત મહાનગરપાલિકા તરફથી ટ્રોફી(શીલ્ડ) એનાયત કરવામાં આવેલ. તેમજ સ્પર્ધાના બાકી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા, આશ્વાસન ઈનામ રૂપે બોલપેન એનાયત કરવામાં આવેલ હતી. તેમજ ચિત્રસ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સુરત મહાનગરપાલિકા તરફથી પ્રમાણપત્ર આપવામાં આવેલ.




આ કાર્યક્રમમાં શાળાના ચેરમેનશ્રી સી.એમ.દંતાલીયા અને આચાર્ય શ્રીમતિ એનીસ એમ. પટેલએ રસ દાખવી સંપૂર્ણ સહકાર આપી કાર્યક્રમને જીવંત બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો.

TOP